| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર (P.R.O.)<br>ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦ | |
|---|---|---|

**તા.૧૦/૧૨/૨૦૨૪ મંગળવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૮૧૪/૨૦૨૪

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૨ કેસ કરી, ૩૭ વ્યક્તિઓને ઝડપી, ૩૧૪ લીટર દેશી દારૂ, ૪૫૬ બોટલ ઈંગ્લીશ દારૂ, ૭૯ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૨૫ બિયર ટીન અને ૨ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગારધારા હેઠળ ૭ કેસ કરી ૩૩ આરોપીઓને ઝડપી રોકડ રૂપિયા ૭,૫૧,૪૨૫/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૮૧૫/૨૦૨૪

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૬૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧ વ્યક્તિની અને પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

## છેતરપીંડીઃ- સમાચાર યાદી નં.૧૮૧૬/૨૦૨૪

**ગુજરાત યુનિવર્સિટીઃ** મૌલિકભાઈ મહેન્દ્રભાઈ પટેલ (ઉ.વ.૩૧) (રહે. સાર્થક શ્રીજી કુડાસણ ગાંધીનગર) એ તા.૦૯/૧૨/૨૦૨૪ ના રોજ ગુજરાત યુનિવર્સિટી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે માહે ડીસેમ્બર-૨૦૨૨ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન આરોપી ચિરગભાઈ જયેશભાઈ સિહોરા (રહે. શ્વેતાયન ઓમ સોસાયટી ભાટ તથા સહજનંદ પાર્ક ઉત્તમનગર નિકોલ ગામ રોડ) એ નવરંગપુરા યુનિવર્સીટી પ્લાઝામા દુકાન નં-૧૦૬ કે.બી.સી ઈમીગ્રેશન સર્વિસ નામની ઓફિસ ખાતે મૌલિકભાઈ પટેલ તથા તેમની પત્નીના કેનેડાના પી.આર.કરાવી આપવાના બહાને મૌલિકભાઈ પટેલ પાસેથી રૂપિયા ૨૧,૮૦,૦૦૦/- મેળવી લઈ કેનેડા વર્ક પરમીટ વિઝાનુ કામકાજ નહી કરી આપી તેમજ આપેલ નાણાં પરત નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એસ.આર.બાવા ચલાવે છે.

**ખાડીયાઃ** શૈલેષભાઇ ચુનીભાઇ સોની (ઉ.વ.૬૦) (રહે. ગ્લોરી સુપર સીટી હરે ક્રિષ્ણા મંદીર પાસે ભાડજ સાંતેજ જી.ગાંધીનગર) એ તા.૦૯/૧૨/૨૦૨૪ ના રોજ ખાડીયા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે શૈલેષભાઇ સોની નાઓ માણેકચોક ઘાંચીની પોળમાં એન્ટીક બિલ્ડીંગ ખાતે ભુમિ ચેઈન્સ પ્રા.લી. નામે ચાંદીનો વેપાર કરતા હોય અને ચાંદીના દાગીના બનાવવા કારીગર આરોપી અરવિંદભાઇ હિરાભાઇ પ્રજાપતિ (ઉ.વ.૫૦) (રહે. ભદ્રેશ્વર સોસાયટી એચ.પી.કાપડીયા સ્કુલની બાજુમાં શાહીબાગ) નાઓને ચાંદી આપતા હતા. તા.૧૦/૦૯/૨૦૨૪ ના રોજ અરવિંદભાઇ હિરાભાઇ પ્રજાપતિ નાઓને ચાંદીના ચોરસા કુલ ૧૫૮૯૦ ગ્રામ કિમત રૂપિયા ૧૩,૯૮,૦૦૦/- આપેલ હતા. જેને આજદીન સુધી દાગીના નહી બનાવી આપી કે આપેલ ચાંદી પરત નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ હે.કો અનિલકુમાર વસંતરાય ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૮૧૭/૨૦૨૪**

**ખાડીયાઃ** મનોહરસિંહ શંકરસિંહ સોલંકી (રહે. કંસારાની પોળ, મંદિરવાળી ગલી માંડવીની પોળ માણેકચોક ખાડીયા) એ અગમ્ય કારણસર તા.૦૮/૧૨/૨૦૨૪ સાંજના ૫/૩૦ થી ૭/૩૦ વાગ્યા દરમ્યાન રહેણાંક ખાતે પંખાના હુકમાં દોરી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ખાડીયા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી જયેન્દ્રસિંહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી